# પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1) વધુ એક ભારતીય LPG જહાજ  ગ્રીન સાનવીએ હોર્મુઝ સામુદ્રધુની પાર કરી.

2) કેરળમ વિધાનસભા માટેનો ચૂંટણી પ્રચાર વેગવંતો.

3) ચૂંટણી પંચે,પશ્ચિમ બંગાળમાં મતદારોની સુવિધા માટે ચાર હજાર 660 સહાયક મતદાન મથકો બનાવવાની મંજૂરી આપી.

4) ઈરાને ઔપચારિક રીતે 48 કલાકના યુદ્ધવિરામ માટેના અમેરિકાના પ્રસ્તાવને નકારી કાઢયો.

5) IPL ક્રિકેટમાં આજે બે મુકાબલા, દિલ્હી કેપિટલ્સ - મુંબઈ ઇન્ડિયન્સ સામે જ્યારે ગુજરાત ટાઈટન્સ રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# LPG TANKER - HORMUZ

વધુ એક ભારતીય LPG જહાજ ગ્રીન સાનવીએ યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સામુદ્રધુની પાર કરી લીધી છે. અને ભારત તરફ આગળ વધી રહ્યું છે.

જહાજ સૂત્રોએ જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયા સંઘર્ષ શરૂ થયા પછી ગ્રીન સાનવી હોર્મુઝ સામુદ્રધુની પાર કરનાર સાતમું ભારતીય જહાજ છે . ચારસોથી વધુ ભારતીય નાવિકો સાથે કુલ 17 ભારતીય જહાજો પશ્ચિમ પર્સિયન આખાતી ક્ષેત્રમાં છે. વહાણવટા મહાનિર્દેશાલય, ભારતીય નાવિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે જહાજ માલિકો અને ભારતીય દૂતાવાસો સાથે પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરી રહ્યું છે.

જેનો કંટ્રોલ રૂમ 24 કલાક કાર્યરત છે. અત્યાર સુધીમાં , અખાતના વિવિધ પ્રાદેશિક સ્થળોએથી 1 હજાર 130 થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત મોકલવામાં આવ્યા છે.

# WEST BENGAL ELECTION

આસામ, પુડુચેરી, કેરળમ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો છે. કેરળમમાં ચૂંટણી પ્રચાર માટે માત્ર ચાર દિવસ બાકી છે, ત્યારે પ્રધાનમંત્રી સહિત વરિષ્ઠ રાષ્ટ્રીય નેતાઓ પ્રચાર માટે કેરળમ રાજ્ય પહોંચી ગયા છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

(BYTE : ARJUN SHARMA)

# PM - RAMESH VINAYAKAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન ચેન્નાઈમાં સંગીતકાર રમેશ વિનાયકમ અને તેમના પરિવારને મળ્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે,શ્રી વિનાયકમે ભારતીય સંગીતને લોકપ્રિય બનાવવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. શ્રી મોદીએ ગમક બોક્સ નોટેશન સિસ્ટમ પર શ્રી વિનાયમકમના કાર્ય વિશે પણ માહિતી શેર કરી. અને જણાવ્યું કે આ પહેલ ભારતીય સંગીતને વૈશ્વિક સ્તરે લઈ જવાનો એક નવીન માર્ગ છે.

# EC - WEST BENGAL

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં મતદારોની સુવિધા માટે 4 હજાર 660 થી વધુ સહાયક મતદાન મથકો બનાવવાની મંજૂરી આપી છે. પંચે એવા મતદાન મથકો માટે આ મંજૂરી આપી છે જ્યાં મતદારોની સંખ્યા 1,200 થી વધુ છે. પંચે મતદારોની સુવિધા માટે 321 મતદાન મથકોના સ્થાનાંતરણને પણ મંજૂરી આપી છે. સહાયક મતદાન મથકો સહિત, પશ્ચિમ બંગાળમાં મતદાન મથકોની કુલ સંખ્યા હવે 85 હજાર 379 છે. ચૂંટણી પંચે આ સંદર્ભમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખ્યો છે. પંચે મતદારોને સહાયક મતદાન મથકોની સ્થાપના અને મતદાન મથકોના સ્થાનાંતરણનો વ્યાપકપણે પ્રચાર કરવા પણ નિર્દેશ આપ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ બે તબક્કામાં યોજાશે. મતદાનનો પ્રથમ તબક્કો 23 એપ્રિલે યોજાશે, જ્યારે બીજો તબક્કો 29 એપ્રિલે યોજાશે. મતગણતરી 4 મેના રોજ થશે.

# REV.TN-ELECTIONEERING

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે સોમવાર સુધી ઉમેદવારીપત્રોભરી શકાશે. ઉમેદવારીપત્રોની ચકાસણી 7 એપ્રિલે થશે. 9 એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે.

પ્રથમ તબક્કા માટે મતદાન 23 એપ્રિલે થશે. રાજ્યમાં ચૂંટણી પ્રચાર જોર પકડી રહ્યો છે.

# TMC LEADER - ARRESTED

પશ્ચિમ બંગાળમાં દેઉલી I ગ્રામ પંચાયતના ટીએમસી નેતા હાફિજુલ મોલ્લા પ્રધાનની મતદારોને ધમકાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તેમના પર દક્ષિણ 24 પરગણા જિલ્લામાં તેમના વિરોધીઓને ધમકાવવાનો આરોપ હતો. ચૂંટણી પંચના અધિકારીએ જણાવ્યું કે પશ્ચિમ બંગાળ પોલીસ આરોપીઓ સામે જરૂરી કાનૂની કાર્યવાહી કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAIPUR-COAL INDIA

દેશની ઉર્જા માંગને પહોંચી વળવા માટે હાલમાં પૂરતો કોલસો ઉપલબ્ધ છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને ધ્યાનમાં રાખીને, કોલ ઇન્ડિયા લિમિટેડ દેશની ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે શક્ય તેટલા તમામ પ્રયાસો કરી રહી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, કોલ ઇન્ડિયાના ચેરમેન બી. સાઈરામે આ મુજબ જણાવ્યું હતું.

# IRAN-US PROPOSAL (WITH V/C)

ઈરાને ઔપચારિક રીતે 48 કલાકના યુદ્ધવિરામ માટેના અમેરિકાના પ્રસ્તાવને નકારી કાઢયો. જે પશ્ચિમ એશિયામાં વધતા જતા સંઘર્ષ અને આ ક્ષેત્રમાં વધુ અસ્થિરતા અંગે ચિંતા વ્યક્ત કરતાં ઇરાનના વલણને વધુ કડક બનાવવા પર ભાર મૂકે છે.

આ પ્રસ્તાવ ત્રીજા દેશ દ્વારા પહોંચાડવામાં આવ્યો હતો, પરંતુ ઇરાને થોભવાને બદલે જમીન પર કામગીરી વધુ તીવ્ર બનાવીને પ્રતિક્રિયા આપી હતી. આ અસ્વીકાર પર અમેરિકા તરફથી કોઈ જાહેર ટિપ્પણી કરવામાં આવી નથી. જોકે, અમેરિકા અને ઇઝરાયલી દળોએ ઈરાનની અંદર નવા હુમલાઓ સાથે દબાણ ચાલુ રાખ્યું છે.

# REV.TRUMP-US JET DOWN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકાના વિમાનને તોડી પાડવાથી ઈરાન સાથેની રાજદ્વારી વાટાઘાટો પર કોઈ અસર પડશે નહીં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પે એવી ચિંતાઓને ફગાવી દીધી હતી કે અમેરિકન વિમાનને નિશાન બનાવવાથી ઈરાન સાથેની વાટાઘાટોમાં વિક્ષેપ પડશે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન તેમના વિમાનને થયેલા નુકસાન અંગે પોતાનું પહેલું નિવેદન આપી રહ્યા હતા.ઈરાન અને ખાડી ક્ષેત્રમાં બે અમેરિકન વિમાનને તોડી પાડવાની ગઈકાલે પુષ્ટિ કરવામાં આવી હતી. બે પાયલોટ સુરક્ષિત છે, જ્યારે ત્રીજાની શોધ ચાલી રહી છે.

આ ઘટનાઓ દર્શાવે છે કે ઈરાની હવાઈ ક્ષેત્રમાં અમેરિકન અને ઇઝરાયલી વિમાન જોખમમાં છે. જો કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકન સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું છે કે અમેરિકી દળોનું હવાઈ ક્ષેત્ર પર સંપૂર્ણ નિયંત્રણ છે

# DUBAI-AERIAL INTERCEPTIONS

દુબઈમાં આજે ઇરાને કરેલા હવાઈ હુમલાને નિષ્ફળ બનાવ્યા બાદ કાટમાળના ટુકડા બે ઇમારત પર પડ્યા હોવાના અહેવાલ છે. જો કે બચાવ ટીમે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. કોઈ ઈજા કે આગ લાગવાના અહેવાલ નથી. ઉલ્લેખનીય છે કે ગઇકાલે ઈરાનના લશ્કરી પ્રવક્તાએ સમગ્ર પ્રદેશમાં અમેરિકા અને ઇઝરાયેલી માળખા પર હુમલો કરવાની ધમકી આપી હતી. તેમણે સ્ટારગેટ યુએઈના ફૂટેજ પણ બતાવ્યા હતા જે સૂચવે છે કે તેના પર હુમલો થઈ શકે છે.

# MOON- ARTEMIS IMAGE

અમેરિકન અવકાશ સંસ્થા , નાસાએ આર્ટેમિસ II ઓરિઅન અવકાશયાનમાંથી લેવામાં આવેલી પૃથ્વીની પ્રથમ ઉચ્ચ-રિઝોલ્યુશન છબીઓ શેર કરી છે.

મિશન કમાન્ડર રીડ વાઈઝમેને ચંદ્ર યાત્રા દરમિયાન કેપ્સ્યુલની બારીમાંથી આ છબી લીધી હતી. આ છબીમાં પૃથ્વી ગાઢ વાદળોથી ઘેરાયેલી દેખાય છે. દર્શાવે છે.

ત્રણ અમેરિકન અને એક કેનેડિયન અવકાશયાત્રીઓ ઓરિઅન કેપ્સ્યુલમાં ચંદ્રની પરિક્રમા કરશે અને ચંદ્ર પર ઉતર્યા વિના પૃથ્વી પર પાછા ફરશે.

# SHEKHAWAT - JAN VISHWAS BILL

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું કે જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ 2026 કાયદામાં પરિવર્તન અને વ્યવસાયમાં સુધારા લાવશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે નાના ટેકનિકલ ગુનાઓ માટે જેલને બદલે હવે દંડની સજા કરાશે જેનાથી ન્યાયિક પ્રક્રિયા ઝડપી અને વધુ તર્કસંગત બનશે. તેમણે ઉમેર્યું હતું કે આ પગલું વેપારીઓનો વિશ્વાસ વધારશે અને અદાલત પરનું ભારણ પણ ઘટાડશે.

# CUBA-PRISONERS RELEASE

ક્યુબાએ માનવતાવાદી ધોરણે કેદીઓને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. અમેરિકાના સતત દબાણ વચ્ચે, તેણે કહ્યું છે કે બે હજારથી વધુ કેદીઓને મુક્ત કરવામાં આવશે. પૂર્વી હવાનામાં લા લિમા જેલમાંથી 20 થી વધુ કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. અમેરિકામાં ક્યુબાના દૂતાવાસે જણાવ્યું હતું કે 60 વર્ષથી વધુ ઉંમરના લોકો ઉપરાંત, મહિલાઓ અને વિદેશી નાગરિકોને પણ મુક્ત કરવામાં આવશે. છેલ્લા 10 વર્ષમાં આ સૌથી મોટી માફી છે. અમેરિકાએ કહ્યું કે તે નજીકથી નજર રાખી રહ્યું છે કે મુક્ત કરાયેલા લોકોમાં રાજકીય કેદીઓને પણ શામેલ કરવામાં આવે. અમેરિકન  પ્રવક્તાએ કહ્યું કે હજુ સુધી સ્પષ્ટ નથી કે કેટલા રાજકીય કેદીઓને મુક્ત કરવામાં આવશે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. જ્યારે ગુજરાત ટાઇટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે આજે ટકરાશે. આ મેચ સાંજે ૭:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નાઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સને પાંચ વિકેટથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 209 રન બનાવ્યા. 210 રનના લક્ષ્યનો પીછો કરતા, પંજાબ કિંગ્સે 18.4 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કર્યો.

પંજાબ કિંગ્સ માટે, કેપ્ટન શ્રેયસ ઐયર 50 રન સાથે ટોપ સ્કોરર રહ્યો. પ્રિયાંશ આર્યએ 39 રન બનાવ્યા, તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

ઘરઆંગણે CSKનો આ સતત છઠ્ઠો પરાજય સાથે સીઝનની તેમની પ્રથમ બે મેચ હારી ગયા છે. તેનાથી વિપરીત, પંજાબ કિંગ્સે 2026 સીઝનની શરૂઆત બે જીત સાથે કરી છે.

# NASHIK ACCIDENT

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ડિંડોરીમાં ગઈકાલે રાત્રે એક કાર કૂવામાં પડી જતાં નવ લોકોના મોત થયા હતા. મૃતકોમાં પાંચ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, બધા મૃતકો એક જ પરિવારના હતા અને ડિંડોરી તાલુકાના ઇન્દોર ગામના રહેવાસી હતા. અકસ્માત સમયે, પરિવાર એક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે તેમની કાર કાબુ ગુમાવી અને રસ્તાની બાજુમાં આવેલા કૂવામાં પડી ગઈ. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ટીમોએ મોડી રાત સુધી બચાવ કામગીરી ચાલુ રાખી હતી. જોકે, અકસ્માત સ્થળે ભીડ હોવાથી બચાવ કાર્યમાં અવરોધ ઉભો થયો હતો. બચાવ ટીમે ડૂબી ગયેલ વાહનને કૂવામાંથી બહાર કાઢ્યું છે.